DAY — **19** SEAT NUMBER | | | | | | |

2025	III	07	1500	**J-422**	(G)

GEOGRAPHY (39)

Time : 3 Hrs. **(8 Pages)** **Max. Marks : 80**

સૂચના : *(૧) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.*
(૨) પ્રશ્નોના ઉત્તર લખતી વખતે આવશ્યક હોય ત્યાં યોગ્ય આકૃતિ/આલેખ દોરવા.
(૩) રંગીન પેન્સિલનો ઉપયોગ કરવાની અનુમતિ છે.
(૪) જરૂર જણાય ત્યાં નકશાની સ્ટેન્સિલનો ઉપયોગ કરી શકાશે.
(૫) જમણી બાજુના અંક પૂર્ણ ગુણ દર્શાવે છે.
(૬) નકશાપૂર્તિ મૂળ ઉત્તરપત્રિકા સાથે જોડવી.

પ્ર. ૧. આપેલી સૂચના પ્રમાણે પેટા પ્રશ્નના ઉત્તર લખો : **[૨૦]**

(અ) અ, બ, ક સ્તંભના ઘટકો જોડી સાંકળ પૂર્ણ કરો અને ફરીથી લખો : (૫)

અ.ક્ર.	'અ'	'બ'	'ક'
(૧)	એમેઝોન કિનારાનો પ્રદેશ	(૧) વસ્તુ નિર્મિતિ કાર્ય	(૧) ટાટા આર્યન એંડ સ્ટીલ ઉદ્યોગ
(૨)	ઉપરની દિશાએ સાંકડો થતો મિનારો	(૨) વ્યાપારી ધોરણે પશુપાલન	(૨) અલ્પ લોકસંખ્યા ઘનત્વ
(૩)	ઔદ્યોગિક પ્રદેશ	(૩) વૈયક્તિક	(૩) જન્મદરમાં ઘટાડો અને મૃત્યુદરમાં વધારે ઘટાડો
(૪)	પંપાઝ ઘાસના મેદાન	(૪) સઘન વિષુવવૃત્તીય વન	(૪) સાઉથ અમેરિકા
(૫)	ખાનગી ક્ષેત્ર	(૫) વયોવૃદ્ધની વધુ લોકસંખ્યા	(૫) નોકરી ધંધાની ઉપલબ્ધતા

(બ) આપેલા વિધાનોને સૂચના પ્રમાણે લખો : (૫)

(૧) અમેરિકાના સંયુક્ત સંસ્થાનોમાં ઍપલેશિયન પર્વતીય પ્રદેશમાં ગીચ લોકસંખ્યાનું કારણ –

(અ) વિષમ નૈસર્ગિક પરિસ્થિતિ

(બ) દુર્ગમ પર્વતીય પ્રદેશ

(ક) લોખંડ અને દગડી કોલસા ખનિજોનો વિકાસ

(ડ) યુદ્ધજન્ય પરિસ્થિતિ

(૨) મચ્છીમારી માટે આદર્શ સ્થિતિ –

(અ) ઊંચો-નીચો કિનારો, છીછરો સમુદ્ર, ઉષ્ણ હવામાન, પ્લંકટનનો વિકાસ

(બ) છીછરો સમુદ્ર, ગરમ અને ઠંડા સાગરી પ્રવાહનો સંગમ, પ્લંકટન વધારે પ્રમાણમાં ઉગવી, ઠંડુ હવામાન

(ક) ભૂખંડ મંચ, પ્લંકટનનો વિકાસ, કુશળ મચ્છીમારી, ઠંડુ હવામાન

(ડ) ભૂખંડ મંચ, ઊંચો-નીચો કિનારો, પ્લંકટનનો વિકાસ, ઠંડુ હવામાન

(૩) યુ.એસ.એ. માં ઉત્તર-પૂર્વ પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ થયો છે. કારણ –

(અ) ગીચ લોકસંખ્યા

(બ) મૂડીની ઉપલબ્ધતા

(ક) લોખંડ-કોલસાની મલબખ ઉપલબ્ધિ

(ડ) વાહન-વ્યવહારનું કેન્દ્રીકરણ

(૪) ઉત્તર ભારતીય મેદાની પ્રદેશમાં અનેક ઉપપ્રદેશ છે. તેમાંથી –

(અ) નાઈલનાં મેદાનો

(બ) ગંગા-યમુનાનાં મેદાનો

(ક) મિસિસિપીનો પ્રદેશ

(ડ) એમેઝોનનો પ્રદેશ

(૫) પ્રદેશના વિકાસ પર પ્રભાવ પાડનાર પ્રમુખ નૈસર્ગિક ઘટક –
(અ) સાધન સંપત્તિ
(બ) લિંગ ગુણોત્તર
(ક) શાળાનોંધણી ગુણોત્તર
(ડ) રોજગાર

(ક) યોગ્ય સહસંબંધ શોધીને લખો : (૫)

A : વિધાન R : કારણ

(૧) A : વિષુવવૃત્તીય નિત્યલીલાં જંગલોમાં કઠણ લાકડું ધરાવતાં વૃક્ષો હોય છે.
R : વિષુવવૃત્તીય પ્રદેશોમાં લાકડાં કાપવાનો વ્યવસાય વ્યાપારી ધોરણે વિકસિત થયો નથી.
(અ) ફક્ત A યોગ્ય છે.
(બ) ફક્ત R યોગ્ય છે.
(ક) A અને R બંને યોગ્ય છે અને R એ A નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.
(ડ) A અને R બંને યોગ્ય છે પરંતુ R એ A નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(૨) A : ભારતમાં ઔદ્યોગિક પ્રદેશ વિશિષ્ટ જગ્યાએજ કેન્દ્રિત થયેલા છે.
R : ભારત ખેતીપ્રધાન દેશ છે.
(અ) ફક્ત A યોગ્ય છે.
(બ) ફક્ત R યોગ્ય છે.
(ક) A અને R બંને યોગ્ય છે અને R એ A નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.
(ડ) A અને R બંને યોગ્ય છે પરંતુ R એ A નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(૩) A : તૃતીયક આર્થિક વ્યવસાયમાં નૈસર્ગિક વસ્તુઓનો વપરાશ થતો નથી.
R : ફક્ત સેવા જ આપવામાં આવે છે. માટે આ વ્યવસાયોને સેવા વ્યવસાય કહેવામાં આવે છે.
(અ) ફક્ત A યોગ્ય છે.
(બ) ફક્ત R યોગ્ય છે.
(ક) A અને R બંને યોગ્ય છે અને R એ A નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.
(ડ) A અને R બંને યોગ્ય છે પરંતુ R એ A નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(૪) A : પ્રત્યેક ઔપચારિક પ્રદેશની પ્રાકૃતિક સીમા અલગ હોવાથી તેને ઓળખવો સરળ છે.

R : આ પ્રદેશો આર્થિક વ્યવહારથી એકમેક સાથે જોડાય છે.

(અ) ફક્ત A યોગ્ય છે.

(બ) ફક્ત R યોગ્ય છે.

(ક) A અને R બંને યોગ્ય છે અને R એ A નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(ડ) A અને R બંને યોગ્ય છે પરંતુ R એ A નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(૫) A : પ્રાકૃતિક કે માનવીય (સાંસ્કૃતિક) ઘટક સ્થિર હોતા નથી પરંતુ અત્યધિક ગતિશીલ હોય છે, તે સમયાનુસાર બદલાતાં રહે છે.

R : પૃથ્વી પર સદૈવ પરિવર્તન થવાને કારણે તેનું પ્રાકૃતિક અને માનવીય (સાંસ્કૃતિક) પર્યાવરણ બદલાય છે.

(અ) ફક્ત A યોગ્ય છે.

(બ) ફક્ત R યોગ્ય છે.

(ક) A અને R બંને યોગ્ય છે અને R એ A નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(ડ) A અને R બંને યોગ્ય છે પરંતુ R એ A નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(૬) અયોગ્ય ઘટક ઓળખીને લખો : (૫)

(૧) ખનિજ સંપત્તિને કારણે ગીચવસ્તી ધરાવતો પ્રદેશ -

(અ) ઑસ્ટ્રેલિયાનાં રણપ્રદેશમાં સોનાની ખાણનો પ્રદેશ

(બ) દક્ષિણ-પશ્ચિમ એશિયાનો ખનિજતેલ ઉત્પાદક પ્રદેશ

(ક) ભારતનો ખનિજ ઉત્પાદક છોટાનાગપુરનો પ્રદેશ

(ડ) ઉત્તર અમેરિકાનો પ્રેઅરી પ્રદેશ

(૨) નૈસર્ગિક સાધન સંપત્તિ પર આધારિત પ્રાથમિક વ્યવસાય -

(અ) ખેતી (બ) શિકાર

(ક) મોટર ઉદ્યોગ (ડ) લાકડાં કાપવાનો વ્યવસાય

(૩) જેમાં સ્થળનું વિશેષ મહત્ત્વ ન હોય તેવો મુક્ત ઉદ્યોગ -

(અ) સિમેંટ ઉદ્યોગ (બ) ઘડિયાળ ઉદ્યોગ

(ક) હીરા ઘસવાનો ઉદ્યોગ (ડ) હેરપીન બનાવટ ઉદ્યોગ

(૪) એંટાર્કટિકા ખંડમાં સ્થિર વસવાટ ન થવાના કારણો -

(અ) અત્યંત ઠંડુ હવામાન (બ) ફળદ્રુપ જમીન

(ક) હિમાચ્છાદિત જમીન (ડ) લાંબો શિયાળો

(૫) પ્રાકૃતિક ભૂગોળના અભ્યાસ ઘટકો -

(અ) વાતાવરણ (બ) ભૂસ્વરૂપ

(ક) સરોવરો (ડ) વાહનવ્યવહાર

પ્ર. ૨. ભૌગોલિક કારણો લખો (કોઈપણ <u>ચાર</u>) : [૧૨]

(૧) દેશ માટે સાક્ષરતાનો ઊંચો દર એ આર્થિક અને સામાજિક પ્રગતિનો માપદંડ છે.

(૨) ભારતમાં ખેતી મોટા પ્રમાણમાં થાય છે.

(૩) ભારતમાં ઉદ્યોગોનું વિતરણ અસામાન છે.

(૪) મધ્ય ઑસ્ટ્રેલિયામાં ઔદ્યોગિક વિકાસ થયો નથી.

(૫) નિરક્ષરતા અને ગરીબી જેવા પરિબળોની પ્રાદેશિક વિકાસ પર અસર થાય છે.

(૬) ભૂગોળ વિષયનું સ્વરૂપ બે ભિન્ન પાસાંઓને સ્પર્શે છે.

પ્ર. ૩. તફાવત સ્પષ્ટ કરો (કોઈપણ <u>ત્રણ</u>) : [૯]

(૧) ભૂમિ ઉપયોગ અને ભૂમિ આચ્છાદન

(૨) સાર્વજનિક ઉદ્યોગ અને ખાનગી ઉદ્યોગ

(૩) પ્રાકૃતિક પ્રદેશ અને રાજકીય પ્રદેશ

(૪) પ્રાદેશિક વિકાસ અને પ્રાદેશિક અસમતુલા

(૫) નિસર્ગવાદ અને સંભાવ્યવાદ

પ્ર. ૪. (અ) નીચે આપેલી માહિતી નકશામાં ભરી તેની સૂચિ બનાવો (કોઈપણ છ) : (૬) [૧૧]

(૧) દક્ષિણ અમેરિકાનો અલ્પ લોકસંખ્યાનો પ્રદેશ

(૨) લોકસંખ્યા સંક્રમણના બીજા તબક્કાનો ભોગ બનેલો આફ્રિકાનો પ્રદેશ

(૩) મહારાષ્ટ્રનું પ્રમુખ પ્રશાસકીય શહેર

(૪) ઑસ્ટ્રેલિયાનું પશુપાલન ક્ષેત્ર

(૫) મચ્છીમારીનો એશિયાખંડનો પ્રમુખ પ્રદેશ

(૬) 'કેપ ઑફ ગુડ હોપ' જળમાર્ગો

(૭) નાઈલનદીનો કિનારો

(૮) સાઈબેરિયાનો ઉચ્ચ પ્રદેશ

(બ) નીચે આપેલા આલેખનું વાંચન કરી પ્રશ્નોના ઉત્તર લખો : (૫)

ભારત : વ્યવસાયિક સંરચના
(પ્રાથમિક સેવા ક્ષેત્ર)
પ્રમાણ - ૧ સે.મી. = ૧૦ %



પ્રશ્નો :

(૧) ઉપરોક્ત આકૃતિ શું દર્શાવે છે ?

(૨) કયા દાયકામાં ખેડૂતોની સૌથી વધુ ટકાવારી જોવામાં આવે છે ?

(૩) કયા દાયકામાં ખેતમજૂરની સૌથી ઓછી ટકાવારી દર્શાવવામાં આવી છે ?

(૪) કયા ઘટકની ટકાવારી પ્રત્યેક દાયકે ઊંચી રહી છે ?

(૫) ૧૯૭૧માં ખેડૂત અને ખેતમજૂરની ટકાવારી કેટલી છે ?

પ્ર. ૫. ટૂંક નોંધ લખો (કોઈપણ <u>ત્રણ</u>) : **[૧૨]**

(૧) જન્મદર અને મૃત્યુદર વચ્ચેનો સંબંધ

(૨) મિશ્ર ભૂમિનો ઉપયોગ

(૩) શિકાર અને પર્યાવરણીય નુકશાન

(૪) ઉદ્યોગક્ષેત્રે વાહનવ્યવહારની ભૂમિકા

(૫) સંદેશવહન ક્ષેત્રે ઉપગ્રહનું મહત્ત્વ

પ્ર. ૬. (અ) નીચેનો ગદ્યખંડ વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : (૪) **[૮]**

પશુપાલન વ્યવસાયનું જાગતિક વિતરણ ૩૦° થી ૬૦° ઉત્તર અને ૩૦° દક્ષિણથી ૫૫° દક્ષિણ અક્ષાંશવૃત પર થયેલું છે. પશુપાલન વ્યવસાયનાં વિકાસ પર અસર કરનારું સૌથી મહત્ત્વનું પરિબળ એટલે હવામાન. ઉત્તર ગોળાર્ધમાં આ વ્યવસાય વધુ વિકસિત બન્યો છે.

ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ અમેરિકા તેમજ ઉત્તર અમેરિકામાં પશુપાલનનો વિસ્તાર ઘાસનાં મેદાનોની ઉપસ્થિતિને કારણે છે પરંતુ જ્યાં જ્યાં વધુ ઘાસનાં પ્રદેશ છે ત્યાં આધુનિક તંત્રજ્ઞાનની મદદથી આ વ્યવસાય વધુ વિકસાવાયો છે. બજાર નજીક હોવું એ મુખ્ય પરિબળ છે. ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા અને ઑસ્ટ્રેલિયામાં આનો વિકાસ વ્યાપારી ધોરણે થયો છે. દક્ષિણ અમેરિકા અને ઉત્તર અમેરિકામાં પશુપાલન વ્યવસાય આધુનિક તંત્રજ્ઞાનનાં આધારે વિકસ્યો છે. અહીં આ વ્યવસાયનું મોટા પ્રમાણમાં યાંત્રિકીકરણ થયું છે.

આમ છતાં ઘનદાટ જંગલ, રોગિષ્ટ હવામાન, ખરાબ ઘાસચારાને કારણે વિષુવવૃત્તીય પ્રદેશોમાં નિમ્ન સ્તરનું જીવન ધોરણ હોવાથી એ પ્રદેશોમાં આ વ્યવસાયનો ખાસ વિકાસ થયો નથી.

પ્રશ્નો :

(૧) પશુપાલન વ્યવસાયનું જાગતિક વિતરણ કયા અક્ષાંશવૃત વચ્ચે થયું છે ?

(૨) પશુપાલન વ્યવસાયનો વિકાસ કયા ગોળાર્ધમાં સવિશેષ થયો છે ?

(૩) ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ તેમજ ઉત્તર અમેરિકા ખંડમાં પશુપાલન વ્યવસાય પર અસર કરનારા પ્રમુખ ઘટકો કયા છે ?

(૪) જગતમાં પશુપાલન વ્યવસાયનું આધુનિકીકરણ (યાંત્રિકીકરણ) થયેલા ખંડ કયા છે ?

(બ) આકૃતિ દોરી નામ લખો (કોઈપણ <u>બે</u>) : (૪)

(૧) સ્થિર મિનારો

(૨) વર્તુળાકાર વસ્તી

(૩) ભૂગોળનો અન્ય વિષયો સાથેનો સહસંબંધ

પ્ર. ૭. સવિસ્તાર ઉત્તર લખો (કોઈપણ <u>એક</u>) : **[૮]**

(૧) વસ્તી વિતરણ પર અસર કરનારાં માનવીય ઘટકો સ્પષ્ટ કરો.

(૨) વ્યાપાર પર અસર કરનારાં ઘટકો સ્પષ્ટ કરો.

◆◆◆